## (1) અટલ બિમિત વ્યક્તિ કલ્યાણ યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજના સમાજ કલ્યાણ મંત્રલાય દ્વારા લોંચ કરવામાં આવી હતી.
(2) આ યોજના હેઠળ રોજગાર ગુમાવેલ વ્યક્તિને નાણાકીય રીતે મદદ કરવામાં આવે છે.
(3) યોજના હેઠળ લાભાર્થીને તેના સરેરાશ વેતનની 50% રકમ મળે છે.
(4) આ રકમ બેરોજગારીના 90 દિવસ પછી આપવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં અટલ બિમિત વ્યક્તિ કલ્યાણ યોજનામાં કેટલાક સુધારાઓ કરવામાં આવ્યા છે.

⇛ આ યોજના ESI (Employee's State Insurance) દ્વારા 2018માં લોંચ કરવામાં આવી હતી. (આથ, વિધાન (1) ખોટું છે.)

⇛ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ રોજગારી ગુમાવેલા લોકોને આર્થિક સહાય આપવાનો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ યોજનામાં કરવામાં આવેલાં સુધારાઓ :

- રાહત સહાય સરેરાશ વેતનના 25%થી વધારીને 50% કરવામાં આવી છે. આ સહાય બેરોજગારીના મહત્તમ 90 દિવસ માટે આપવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)
- અગાઉ રાહત સહાય બેરોજગારીના 90 દિવસ બાદ આપવામાં આવતી હતી. આ સમયગાળો ઘટાડીને 30 દિવસ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) પ્રાઈમ મિનિસ્ટર એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ (PMEGP) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ કાર્યક્રમનું સંચાલન નાણા મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

(2) કેન્દ્ર સ્તરે કાર્યક્રમનું અમલીકરણ ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC) દ્વારા કરવામાં આવે છે.

(3) સરકાર દ્વારા લાભાર્થીને 50% સુધીની સબસિડી આપવામાં આવે છે.

(4) કાર્યક્રમ હેઠળ નવા તથા જૂના પ્રોજેક્ટ એમ બન્ને લાભ લઈ શકે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (4)
(C) માત્ર (2)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ PMEGP હેઠળના પ્રોજેકટોના અમલકીરણમાં 44%નો વધારો જોવા મળ્યો છે.

⇛ આ કાર્યક્રમનું સંચાલન MSME મંત્રાલય દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ કાર્યક્રમ 2008-09માં ક્રેડિટ લિંક્ડ સબસિડી યોજના તરીકે લોંચ કરવામાં આવ્યો હતો. જેમાં સૂક્ષ્મ–ઉદ્યમોની સ્થાપના દ્વારા સ્વ–રોજગારને પ્રોત્સાહન આપવામાં આવે છે.

⇛ સરકાર MSME મંત્રાલય દ્વારા લાભાર્થીને 35% સુધીની સબસિડી આપે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ કેન્દ્ર સ્તરે કાર્યક્રમનું અમલીકરણ ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC) દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ કાર્યક્રમ હેઠળ માત્ર નવા પ્રોજેક્ટ જ લાભ મેળવી શકે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

## (3) પાર્ટીસિપેટરી નોટ્સ (P-notes) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તત્કાલીન સમયે આ માધ્યમ થકી થતાં રોકાણમાં વધારો થઈ રહયો છે.

(2) પી–નોટ્સ RBI દ્વારા ઈસ્યુ કરવામાં આવે છે.

(3) આ માધ્યમ થકી રોકાણ કરવા ઈચ્છનાર વ્યકિતએ SEBIમાં પોતાની નોંધણી કરવી પડતી નથી.

(4) પી–નોટ્સને ઓફશોર કયુમ્યુલેટીવ ઈન્વેસ્ટમેન્ટ પણ કહે છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ જુલાઈ મહીનાના અંત સમયે પી–નોટ્સ થકીનું રોકાણ વધીને 63,288 કરોડ થયું છે. છેલ્લા 4 મહીનામાં આ માધ્યમ દ્વારા થતાં રોકાણમાં સતત વધારો થઈ રહયો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ પી–નોટ્સ એક પ્રકારના નાણાકીય ઉપકરણો છે જેને FII (Foreign Institational Investor) દ્વારા ઈસ્યુ કરવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ જે વિદેશી રોકાણકારોને SEBIમાં નોંધણી કર્યા વગર જ ભારતીય શેર બજારમાં રોકાણ કરવું હોય તેઓ આ માધ્યમ દ્વારા રોકાણ કરી શકે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ પી–નોટ્સ એક પ્રકારના ઓફશોર ડેરીવેટીવ ઈન્વેસ્ટમેન્ટ (ODI) છે. તેના આધાર તરીકે ઈકવીટી શેર અથવા ડેબ્ટ સિકયુટીરી હોય છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ પી–નોટ્સ દ્વારા રોકાણકારોને તરલતા મળી રહે છે ઉપરાંત તેઓને રોકાણ દરમિયાન પોતાની ઓળખ પણ જાહેર કરવી પડતી નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) BSISO વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેનું પૂરુંનામ Boreal Summer Intra-Seasonal Oscillation છે.
(2) તે ચોમાસા દરમિયાન હિંદ મહાસાગરમાંથી પશ્ચિમી પેસિફિક મહાસાગરમાં થતી ઊર્જાની હલનચલન છે.
(3) BSISOના સક્રિય તબક્કા દરમિયાન ચોમાસું પવન મજબૂત બને છે.
(4) તાજેતરમાં પૂર્વ તથા દક્ષિણ હિંદ મહાસાગરમાં BSISOની હાઈ વેવ એક્ટિવીટી (ઊંચા મોજાંની પ્રવૃતિઓ) જોવા મળી છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ BSISOનું પૂરુંનામ Boreal Summer Intraseasonal Oscillation છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે ચોમાસા (જૂન–સપ્ટેમ્બર) દરમિયાન હિંદ મહાસાગરમાંથી પશ્ચિમી પેસિફિક મહાસાગરમાં ઊર્જા (Heat-Convention)નું થતું હલનચલન છે. આ હલનચલન દર 10થી 50 દિવસે થતું હોય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પ્રણાલીના સક્રિય તબક્કા (જૂનથી ઓગસ્ટ) દરમિયાન ચોમાસું પવનો મજબૂત બને છે અને તેના પરિણામરૂપે સપાટી પરના મોજાં પણ મજબૂત બને છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તાજેતરમાં ભારતીય સંશોધકોને ઉત્તર હિંદ મહાસાગરમાં BSISOની હાઈ વેવ એક્ટિવીટી જોવા મળી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ INCOISના સંશોધકોનું કહેવું છે કે, તેમને BSISOનું વધુ સારું ફોરકાસ્ટ (આગાહી) કરવા માટેનો એક નવો રસ્તો મળેલો છે.

⇛ INCOISનું પૂરુંનામ ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઈન્ફોર્મેશન સર્વિસ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) વેસ્ટ નાઈલ વાયરસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ વાયરસની શોધ સૌપ્રથમ યુગાન્ડામાં થઈ હતી.
(2) આ વાયરસ મુખ્યત્વે મચ્છરો દ્વારા ફેલાય છે.
(3) માણસ બાદ આ વાયરસ સૌથી વધુ ઘોડાંને અસર કરે છે.
(4) આ વાયરસ Flaviviridae પરિવારનો છે.

(A) માત્ર (2)
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સ્પેનમાં વેસ્ટ નાઈલ વાયરસને કારણે સૌ પ્રથમ મૃત્યુ નોંધાયું છે.

⇛ આ વાયરસની શોધ 1937માં યુગાન્ડામાં થઈ હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ વાયરસ Flaviviridae પરિવારનો છે. આ પરિવારના અન્ય વાયરસમાં ઝીકા વાયરસ, યેલો ફીવર વાયરસ અને ડેન્ગ્યુ વાયરસનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ વાયરસ મુખ્યત્વે મચ્છરો દ્વારા ફેલાય છે. તે ચેપગ્રસ્ત પશુઓમાંથી પણ ફેલાય શકે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ માણસો સિવાય આ વાયરસ સૌથી વધુ ઘોડાને અસર કરે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ઘોડા માટે વાયરસની રસી ઉપલબ્ધ છે પરંતુ માણસ માટે રસી ઉપલબ્ધ નથી.

⇛ ભારતમાં માર્ચ 2019માં આ વાયરસનો કેસ કેરળમાં નોંધાયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT